# પ્રેસનોટ

## સંત શ્રી ભાણસાહેબના સમાધિસ્થાન કમીજલામાં શ્રી લોહાણા મહાપરિષદના ઉપક્રમે યોજાયું વિશાળ આંતરરાષ્ટ્રીય રઘુવંશી મહાસંમેલન

## મહાસંમેલનમાં દેશ-વિદેશના ૩૫,૦૦૦થી વધુ રઘુવંશીઓની ઉપસ્થિતિ

## સંમેલનમાં અંબાજીના હોસ્પિટલ પ્રોજેક્ટ્સની અને રક્તદાન પ્રોજેક્ટ્સ તેમજ સમાજનો ડેટા એકત્ર કરવા માટે મિસ્ડ કોલ પ્રોજેક્ટ્સની કરાયેલી ઘોષણા

લોહાણા સંત કવિ પૂ.ભાણસાહેબના સમાધિસ્થળ કમીજલા ખાતે પૂ.મોરારિબાપુની રામકથાના બીજા દિવસે ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૬ ને રવિવારના રોજ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા યોજાયેલા આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલનને અદ્ભુત અને ભવ્ય સફળતા સાંપડી હતી. સંમેલનમાં અપેક્ષા કરતાં પણ વધારે રઘુવંશી લોહાણા સમાજના ભાઈ-બહેનો, વડીલો, બાળકો, યુવાનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. બરાબર ૪.૦૦ કલાકે હનુમાન ચાલીસાથી શરૂ થયેલા આ મહાસંમેલનમાં ગુજરાતના તમામ જિલ્લાઓ ઉપરાંત દેશ અને વિદેશના લોહાણા સમાજના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. અંદાજે ૩૫૦૦૦થી પણ વધુ લોહાણા સમાજના લોકોની ઉપસ્થિતિમાં સંમેલન સ્થળે જલારામબાપાની જય અને પૂ.ભાણસાહેબની જય અને જય રઘુવંશના નાદ સાથે ઉત્સાહપૂર્ણ માહોલ સર્જાયો હતો.

સંમેલનના પ્રારંભમાં શ્રી રઘુવંશી લોહાણા સમાજના ગૌરવશાળી ઈતિહાસની ગાથા પ્રસ્તુત કરતી દસ્તાવેજી ફિલ્મ દર્શાવવામાં આવી હતી. એ પહેલાં શ્રી લોહાણા મહાપરિષદના ૨૦૧૫માં વરાયેલા પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના શપથવિધિ સમારોહમાં પ્રસ્તુત થયેલ કાર્યક્રમની વિડિયો ફિલ્મ દર્શાવવામાં આવી હતી. તે પછી સ્વાગત ગીત અને નૃત્ય દ્વારા કાર્યક્રમનો સુંદર પ્રારંભ થયો હતો. ત્યારબાદ શ્રી લોહાણા મહાપરિષદના ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરે સ્વાગત પ્રવચન કર્યું હતું. તે પછી મહામંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે મહાપરિષદની અત્યાર સુધીની કાર્યવાહીનો અહેવાલ પ્રસ્તુત કર્યો હતો. તેમણે મહાપરિષદ દ્વારા ચાલી રહેલા પ્રોજેક્ટ્સ અને આગામી દિવસોમાં શરૂ થનારા પ્રોજેક્ટ્સની વિસ્તૃત માહિતી આપી હતી. ત્યારબાદ મહાપરિષદના ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણીએ સુંદર પ્રેરક પ્રવચન કર્યું હતું. ત્યારબાદ રામકથા આયોજન સમિતિના વડા અને દાતાશ્રીએ ઉદ્બોધન કર્યું હતું. તે પછીથી શ્રી પોપટભાઈ અખાણીએ પણ સમગ્ર આયોજનને બિરદાવ્યું હતું. તે દરમ્યાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનું આગમન થયું હતું. ત્યારબાદ સંમેલનના મહાપરિષદના ધ્વજવંદન ગીતની પ્રસ્તુતિ થઈ હતી. તે પછી મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે વિશાળ સંમેલનને સંબોધન કર્યું હતું. તેમણે સંમેલનમાં હાજર રહેલા વિશાળ સમુદાય પ્રત્યે આભાર અને ધન્યવાદની લાગણી પ્રગત કરતાં રઘુવંશી સમાજ માટે પરિષદના માધ્યમથી ઉત્કર્ષના કાર્યો કરવા માટે સમાજ અને સંતો પાસેથી આશીર્વાદ માગ્યા હતા. તેમણે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને તેમની સરકાર દ્વારા ગુજરાતના વિકાસની ચાલી રહેલી કામગીરીની મુક્તકંઠે પ્રશંસા કરી હતી. તેમણે મહાપરિષદ દ્વારા ચાલી રહેલા કાર્યો માટે રઘુવંશી સમાજના સહકાર અને સમર્થનની અપેક્ષા વ્યક્ત કરી હતી.

સંમેલનમાં તેમણે એક મહત્ત્વની જાહેરાત કરતાં અંબાજી ખાતે મહાપરિષદ દ્વારા હાથ ધરવામાં આવનાર હોસ્પિટલ પ્રોજેક્ટ્સની જાહેરાત કરી હતી. આ પ્રોજેક્ટ્સ દ્વારા તમામ દર્દીઓની સેવા કરવાનો ઉપક્રમ હાથ ધરાશે. તેમાં તમામ દર્દીઓને વિનામૂલ્યે સારવાર અપાશે. આ પ્રોજેક્ટ્સમાં એમઓયુ આગામી મહિને થયા બાદ તેના ભવ્ય ઉદ્ઘાટનનો કાર્યક્રમ યોજાશે. તેમણે રઘુવંશી સમાજની સેવા અને સમર્પણની પરંપરાને આગળ ધપાવવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી અને ગુજરાતના કન્યા કેળવણીના કાર્યો માટે ૫,૧૧,૦૦૦નો ચેક મુખ્યમંત્રીને અર્પણ કર્યો હતો. સંમેલનમાં વિદેશ વિભાગના હોદ્દેદારોની નિયુક્તિ જાહેર કરી તેમને

નિમણૂંકપત્રો અર્પણ કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ સંમેલનને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે સંબોધન કરી લોહાણા સમાજના કાર્યોની અને સંગઠનની પ્રશંસા કરી હતી. તેમણે ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં ચાલી રહેલા કન્યા શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે હાથ ધરાયેલા કાર્યની માહિતી આપી હતી. તેમણે લોહાણા મહાપરિષદ દ્વારા શરૂ કરાયેલ રક્તદાન પ્રોજેક્ટ્સની પણ પ્રશંસા કરી આવા કાર્યો માટે ધન્યવાદ આપ્યા હતા તે પછી પૂ.શ્રી મોરારિબાપુએ સંમેલનને સંબોધન કર્યું હતું. પૂ.મોરારિબાપુએ સંમેલનમાં વિશાળ રઘુવંશી સમાજની ઉપસ્થિતિથી અત્યંત રાજીપો વ્યક્ત કર્યો હતો અને પુરબહારમાં ખીલીને મુક્ત રીતે સમાજના આગેવાનોને તેમની કામગીરી માટે પ્રશંસા કરી બિરદાવ્યા હતા. તેમણે રઘુવંશી વ્યક્તિના ત્રણ લક્ષણો જણાવી સમાજને રઘુવંશી આદર્શો પર ચાલવાની અને તેને વળગી રહેવાની શિખ આપી હતી. કમીજલાની રામકથાને માનસ રઘુવંશ નામ આપવામાં આવ્યું છે તેનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું હતું કે સમગ્ર કથા દરમિયાન પોતે રઘુવંશી સમાજની રામાયણ કથિત લાક્ષણિકતાઓ કહેતા રહેશે. રામકથાનું જીવનભર મહિમાગાન કરતા હોવાને કારણે રઘુવંશી સમાજને કહેવાનો તેમનો અધિકાર છે. એવા ઉદ્ગારો સાથે તેમણે રઘુવંશી સમાજના સંગઠન, સેવા અને સમર્પણ ભાવની મુક્તકંઠે પ્રસંશા કરી હતી. તેમણે મહાપરિષદના સેવાકાર્યોથી પ્રભાવિત થઈને આ કાર્યોમાં પોતાના તુલસીપત્રરૂપી પ્રદાન તરીકે રૂા. ૧૧,૦૦૦નો ચેક મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકને અર્પણ કર્યો હતો.

પૂ.મોરારિબાપુના પ્રવચન બાદ રાષ્ટ્રગીત સાથે સંમેલનની પૂર્ણાહૂતિ થઈ હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા ઉદ્ઘોષક શ્રી જીતેન્દ્ર ઠક્કરે કર્યું હતું.

સંકલન : તરુણ દત્તાણી